ગાંધીનગર સમાચાર
તા. ૨૮-૫-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### પાડોશી દેશો સાથે સુલેહથી રહેવાનો સંકેત

વડાપ્રધાન પદના શપથ લેતી વખતે જ પાડોશી દેશોના વડાઓને હાજર રાખી નરેન્દ્ર મોદીએ એમના ફળદ્રુપ ભેજામાં સમયસર કેવા પ્રાસંગિક સંદર્ભો 'કિલક' થતા રહે છે એનો પુરાવો આપી દીધો છે. 'પુત્રનાં લક્ષણ પારણામાં' વાળી કહેવત મુજબ એમણે આ એક જુદી જ તરાહની જેસ્ચ્યર (ચેષ્ટા) દ્વારા પોતે 'પ્રાઈમ મિનિસ્ટર વિથ ડિફરંસ'- અલગ કિસમના વડાપ્રધાન હોવાનો સંકેત આપી દીધો છે જેની ફકત ભારતમાં જ નહીં બલકે સ્વાભાવિક રીતે જ આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઈ છે. ખુરશી સંભાળતાંવેંત એમણે સૌથી પહેલી બેઠક 'સાર્ક' દેશોના નેતાઓ સાથે કરી છે. સાઉથ બ્લૉકના કાર્યાલયમાં રાષ્ટ્રપિતાની છબી આગળ થોડા ફૂલ ચડાવી, કૅબિનેટ સેક્રેટરીને રેલવે અકસ્માત બાબતે ઘટતું કરવાની સૂચના આપી વડાપ્રધાન સીધા જ હૈદરાબાદ હાઉસ ખાતે એમને મળવાની રાહ જોઈ રહેલા અફઘાનિસ્તાન અને શ્રીલંકાના વડાઓ સાથે ઔપચારિક મસલતો કરવા નીકળી ગયા તે દર્શાવે છે કે આ વડાપ્રધાન માટે એમના કાર્યકાળનો પહેલો દિવસ પણ મોજમજા કે આનંદપ્રમોદનો નહીં બલકે પાડોશી દેશોના નેતાઓ આવ્યા છે ત્યારે એ તક ઝડપી લઈ એમની સાથે સૌહાર્દપૂર્ણ સંબંધો વિકસાવવા માટે ખપ લાગ્યો છે. વિશેષપણે પાકિસ્તાન સાથે અટકી અને છટકી ગયેલા સંવાદને એ ફરીવાર પાટે ચડાવવા કૃતસંકલ્પ છે અને એટલા સારુ શિવસેના જેવા સાથીપક્ષની નારાજગી વહોરીને એમણે નવાઝ શરીફનું ગર્મજોશીથી સ્વાગત કર્યું એટલું જ નહીં, બેઉ વચ્ચે પ્રવર્તતા સંવેદનાત્મક સામ્યનો પણ હવાલો આપ્યો. મોદીને પ્રેમથી લાપસી ખવડાવી એમનું મોં લૂછતાં વૃદ્ધા માતાની તસવીર જોઈને પાક વડાપ્રધાનનાં વૃદ્ધ માતા પણ ગદ્‌ગદ થઈ ગયાં હોવાના અહેવાલ છે. આમ જુઓ તો શરીફ માલેતુજાર જમીનદાર પરિવારનું ફરજંદ છે અને મોદીનું માનીએ તો એમનાં માતાએ તો એમને આડોશી-પાડોશનાં સુખિયાં લોકનાં વાસણકૂસણ માંજીને અને કચરાપોતાં કરીને મોટા કર્યા છે. પરંતુ મા તો આખરે બધે એકસરખી જ સંવેદના અનુભવતી હોય છે- એમાં રાજા કે રંકનો ફરક નથી રહેતો. કયારેક ગરીબ ખોરડામાં બાળપણ વિતાવનારા નરેન્દ્ર મોદી આજે દેશની સૌથી ચર્ચિત વ્યક્તિ છે. એમણે પોતાની જાતને જાતે જ સ્થાપિત કરી છે. વાંસના અંકુરની જેમ કે ભીંત ફાડીને ઊગી નીકળતા પીપળાની જેમ નરેન્દ્ર મોદી એમની પ્રચંડ સંકલ્પશક્તિને કારણે વિશ્વકક્ષાની દંતકથા (લેજન્ડ) બની ગયા છે. હજી તો પદ્ધતિસરનું વડાપ્રધાનપદ સંભાળવાનું કે સરકાર રચવાનું નિમંત્રણ પણ નહોતું મળ્યું છતાં અફઘાનિસ્તાનના હેરત શહેરમાં ભારતીય દૂતાવાસ પર થયેલા આતંકવાદી હુમલા સંદર્ભે એમણે અફઘાન રાષ્ટ્રપતિ હામીદ કરઝાઈ સાથે સીધી વાત કરી દૂતાવાસના કર્મચારીઓને પૂરતી સલામતી ઉપલબ્ધ કરાવવા સૂચના આપી હતી. આમ પહેલ કરવી 'પ્રો-ઍક્ટિવ' બનવું એ નરેન્દ્ર મોદીના વ્યક્તિત્વનો વિશેષ છે.એ 'પહેલા ઘા રાણાનો'- વાળી પૉલિસીમાં માને છે એટલે પાકિસ્તાન સાથેની અટવાઈ ગયેલી મંત્રણા ચાલુ કરવા માટે પણ એમણે નારાજગી વહોરીને- પહેલ કરી છે, જે એક ઉત્તમ સંવેદનશીલ રાષ્ટ્રીય નેતા જ કરી શકે. એ દષ્ટિએ જોતાં મોદી પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ અને એમના આદર્શ અટલબિહારી વાજપેયીના પગલે ચાલવાની કોશિશ કરતા વરતાઈ રહ્યા છે. એ જુદી વાત છે કે સામેથી કદાચ ધાર્યો પ્રતિસાદ ન પણ સાંપડે, બલકે મોદી સુપેરે સમજે છે કે પાકિસ્તાન સાથેના સંબંધો સમધારણ કરવા એ ઘણી અઘરી બાબત છે, છતાં પોતે જશ તો જરૂર લઈ શકશે કે ભારતના વડાપ્રધાન પાકિસ્તાનના વડાપ્રધાનને મંત્રણાના મેજ પર નોતરવામાં પાછી પાની નહોતી કરી. શ્રીલંકાના નેતા રાજપક્ષેને નોતરું પાઠવવા જતાં એમને જયલલિતા- કરુણાનિધિથી લઈ રજનીકાંત અને વાચકો જેવા શુભેચ્છકોની નારાજગી વહોરવી પડી છે, પરંતુ મોદી હવે ચૂંટણીલક્ષી રાજકારણથી ઉફરા ઊઠી વિશ્વકારણના મંચ પર સિક્કો જમાવવાનો સંકલ્પ પાર પાડવા અધીરા થયા છે. એમની આ વિજિગીષા-વૃત્તિ (જીતવાની વૃત્તિ) એમને દરેક સમયે એક કદમ આગળ વધવામાં મદદરૂપ થતી રહી છે. નવાઝ શરીફ એમની 'શરાફત' બતાવવામાં કયારેય પાછા નથી પડયા, પરંતુ એ બહુ બહુ તો પાડોશી રાષ્ટ્રો વચ્ચે સુલેહભર્યા સંબંધોની આશા જ રાખી શકે એમ છે. વચ્ચે કાશ્મીરનો પ્રશ્ન છે, આઈએસઆઈ અને પાક. આર્મીનું નકારાત્મક વલણ છે, દાઉદ જેવા આતંકના આકાની સોંપણીનો પ્રશ્ન છે જે નવાઝ શરીફના ગજા બહારની બાબતો છે. મોદીએ વિદેશમંત્રી સુષમા સ્વરાજની ઉપસ્થિતિમાં યોજાયેલ નવાઝ શરીફ સાથેની ઔપચારિક મુલાકાતમાં ૨૬/૧૧ સહિત તમામ લટકતા પ્રશ્નો ઉઠાવ્યા હોવાના અહેવાલ છે. મોદી સુપેરે સમજે છે કે આ બધું છેવટે તો પાણી વલોવવા જેવું જ નીવડવાનું છે. પરંતુ દર વખતે ભારતને પીઠ પાછળ છરો ભોંકતા પાકિસ્તાનને આ વખતે એટલી તો ખાતરી થઈ જ ગઈ હશે કે ઈંટનો જવાબ પથ્થરથી આપાવી તૈયારી ધરાવતી સરકાર હવે પછી એમની કોઈ ગુસ્તાખી સહન કરી લેશે નહીં.

# ગાંધીનગરમાં પ્રથમવાર યોજાયેલી એશિયા થાઈ બોકસીંગને મળેલો અભૂતપૂર્વ પ્રતિસાદ

**કુલ ૨૨૭ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો અને ૪૫ સ્પર્ધકોએ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યા : વિજેતાઓ ૨૦૧૬માં યોજાનારી આગામી વર્લ્ડ થાઈબોકસીંગ ચેમ્પિયનશીપમાં ભાગ લેશે : પહેલીવાર રીંગ ફાઈટ જોઈને નગરજનો રોમાંચિત થયા**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર આજકાલ અનેકક્ષેત્રે નવા નવા સોપાન સર કરી રહ્યું છે. આજ પરંપરાને અનુસરતા ગાંધીનગરના વેસ્ટઝોન ઈન્ડીયા થાઈબોકસીંગ એસોસિએશન દ્વારા એશિયા થાઈબોકસીંગ ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચેમ્પિયનશીપનું આયોજન તા. ૨૪મી મે થી તા. ૨૫મી મે દરમ્યાન સેક્ટર-૨૧ ખાતે આવેલા સરકારી જીમખાના ખાતે કરાયું હતું. જેમાં કુલ ૨૨૭ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો અને ૪૫ સ્પર્ધકોએ સુવર્ણપદક પ્રાપ્ત કર્યા હતા.



(તસવીર : કશ્યપ નિમાવત)

થાઈબોકસીંગ એ થાઈલેન્ડની રાષ્ટ્રીય રમત છે અને છેલ્લા ત્રણ વર્ષથી ભારતમાં લોકપ્રિય બની રહી છે, દેશના વિવિધ રાજયોમાં આ રમતને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આ રમતમાં બોકસીંગ સાથે માર્શલ આર્ટનું મિશ્રણ જોવા મળે છે. ગાંધીનગરમાં યોજોલ એશિયા થાઈબોકસીંગ ચેમ્પિયનશીપને પણ ખૂબ સારો પ્રતિસાદ સાંપડ્યો હતો અને આ સ્પર્ધામાં કુલ ૨૨૭ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ૧૦ વર્ષથી નીચેના વયના સબજુનિયર, ૧૪ વર્ષથી ૧૭ વર્ષ સુધીના જુનિયર અને ૧૭ વર્ષથી ઉપરની વયના સીનીયર એમ અલગ અલગ વયજુથ પ્રમાણે છોકરાઓ અને છોકરીઓ માટેની કેટેગરી રાખવામાં આવી હતી. આ ઉપરાંત અલગ અલગ ૩૬ વેઈટ કેટેગરીમાં સ્પર્ધા

● અનુસંધાન પાના - ૭ પર

## હરિની દૃષ્ટિ...




**ઘરે જઇને અગત્યની વસ્તુ ડાયરીમાં નોંધી રાખો... તમારી એન્ડ્રોઇડ સીસ્ટમનો વાઇરસ મગજમાં ઘુસી ગયો છે... બ્રેઇન ફોરમેટ કરવું પડશે...!!**

# અમદાવાદમાં યોજાયેલા સ્પીડ સ્કેટીંગ સ્પર્ધામાં નગરના વિદ્યાર્થીઓએ ડંકો વગાડયો

ગાંધીનગર, તા.૨૭

બાળકો વેકેશન દરમિયાન કંઈક નવું શીખે તે માટે સેંટ ઝેવિયર્સ લોયલા સ્કુલ અમદાવાદ અને ક્રિષ્ણા એકેડમી ઓફ એસ્થેટીક ગેમ સંસ્થા દ્વારા અમદાવાદ ખાતે સ્પીડ સ્કેટીંગ ચેમ્પિયનશીપ યોજવામાં આવી હતી.

અમદાવાદની સેંટ ઝેવિયર્સ લોયલા ખાતે યોજાયેલ સ્પીડ સ્કેટીંગ ચેમ્પિયનશીપ સ્પર્ધામાં ગાંધીનગર અને અમદાવાદની શાળાઓના ૧૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધા ધો-૧૧, ૧૨ના વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવી હતી. જેમાં છોકરાઓ કરતા છોકરીઓની સંખ્યા ઉડીને આંખે વળગે તેવી હતી. બે દિવસ યોજાયેલી સ્પર્ધામાં ગાંધીનગર શહેરના વિદ્યાર્થીઓએ બાજી મારી હતી. જેમાં ૧૪ વર્ષથી ઉપરમાં રીંક-૧ અને ૨, પ્રથમ, આરજુ પટેલ ગૃપ-૧૨માં કોર્ડ સ્કેટીંગમાં રીંક ૧ અને ૨માં તૃતીય તેમજ ગૃપ-૪માં ટેનાસીટી



ઈનલાઈન સ્કેટીંગમાં શ્રેય પટેલ, ૧૨ વર્ષમાં કોર્ડ સ્કેટીગમાં રાજ તરેટીયા રીંક-૧માં પ્રથમ અને રીંક-૨માં બીજું સ્થાન, કલરવ પટેલ ૧૪ વર્ષ ઉપરમાં સ્કેટીંગમાં જીયા શાહે રીંક-૧માં તૃતીય સ્થાન મેળવી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. આ વિદ્યાર્થીઓને કોચ ભાર્ગવ આચર દ્વારા તૈયાર કરવામાં આવ્યા હતા.

# કારકિર્દી માર્ગદર્શન વિશેષાંકનું આનંદીબહેન પટેલના હસ્તે વિમોચન

**કારકિર્દીના માર્ગદર્શન વિશેષાંક આવતીકાલથી માહિતી ખાતાની કચેરીઓ ઉપરથી ઉપલબ્ધ**

ગાંધીનગર, તા. ૨૭



ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના પરિણામો પછીના કારકિર્દી ઘડતર માટેના મહત્ત્વપૂર્ણ તબક્કામાં વિદ્યાર્થીઓના માર્ગદર્શન માટે -તિવર્ષની પરંપરા અનુસાર આ વર્ષે પણ માહિતી ખાતા દ્વારા કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૧૪ -કાશિત કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે આજે અત્રે વિશેષાંકનું વિમોચન કર્યું હતું.

રાજયના યુવાનોની ક્ષમતા વધારવા તથા ગુણવત્તાયુક્ત શિક્ષણ અને રોજગાર માટેની રાજય સરકારની -તિબદ્ધતાને વ્યકત કરતા શ્રીમતી આનંદીબહેન પટેલે જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં ઉચ્ચ અભ્યાસ, રોજગારી-સ્વરોજગારી તથા કારકિર્દી ના વિવિધ ક્ષેત્રો અંગે ઉપયોગી માહિતી અને માર્ગદર્શન આપતો આ કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક વિદ્યાર્થીઓને અત્યંત ઉપયોગી થઈ પડશે.

આ -સંગે માહિતી કમિશનરશ્રી ભાગ્યેશ જહાએ વિશેષાંકની વિગતો આપતાં જણાવ્યું હતું કે, ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક -તિવર્ષ ધોરણ-૧૦ અને ૧૨ ના પરિણામો પછી ભાવિ કારકિર્દી ઘડતર અંગે માર્ગદર્શન આપવાના હેતુસર માહિતી ખાતા દ્વારા -કાશિત કરવામાં આવે છે. -સ્તુત અંકમાં કુલ ચાર વિભાગોમાં ધોરણ-૧૦ અને ૧૨ પછી ઉપલબ્ધ અભ્યાસક્રમો, યુનિવર્સિટીઓ, કારકિર્દી ના વિવિધ વિકલ્પો, રોજગારી-સ્વરોજગારીની તકો, વિદ્યાર્થીઓ માટે ઉપયોગી આનુષાંગિક બાબતો, મહત્ત્વપૂર્ણ વેબસાઈટની યાદી સહિતની અનેકવિધ મહત્ત્વપૂર્ણ અને ઉપયોગી માહિતી પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને વર્તમાન સમયના પરિણામલક્ષી -વાહો, અભિગમો વગેરેની જાણકારી સાથે -રણા અને -ોત્સાહન પૂરા પાડતા મનનીય લેખોનો સમાવેશ પણ કરવામાં આવ્યો છે. માહિતી ખાતાની તમામ જિલ્લા કચેરીઓ તથા અધિકૃત વિક્રેતાઓ પાસેથી રૂ. ૨૦ની કિંમતે આ અંક મળી શકશે.

આ -સંગે સંયુક્ત માહિતી નિયામકો સર્વશ્રી અરવિંદભાઈ પટેલ, શ્રી પુલકભાઈ ત્રિવેદી, નાયબ માહિતી નિયામકશ્રી કે. એ. કરમટા તથા માહિતી ખાતાના અધિકારીશ્રીઓ પરિમલભાઈ દેસાઈ તથા -વીણભાઈ સોનારીયા ઉપસ્થિત રહ્યા હતા.

# કન્યાઓનો ધોરણ-૮માં પ્રવેશનો રેશિયો વધારાશે

**પ્રવેશોત્સવ ગ્રામ્યમાં ૧૨ થી ૧૪ જૂન અને શહેરનો ૧૯ થી ૨૧ જૂન દરમિયાન યોજાશે : પ્રવેશોત્સવને લઈ તૈયારી**

અમદાવાદ, તા.૨૭

રાજય સરકાર દ્વારા આ વર્ષે પણ પ્રવેશોત્સવ ઉજવવાનું નક્કી કર્યું છે. આ પ્રવેશોત્સવમાં ધોરણ-૧માં મહત્તમ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે અને ડ્રોપઆઉટ રેશિયો ઘટે તેવા પ્રયાસો કરાશે. પ્રવેશોત્સવ ગ્રામ્ય કક્ષાનો તા. ૧૨ થી ૧૪ જૂન દરમિયાન અને શહેરનો ૧૯ થી ૨૧ જૂન દરમિયાન યોજાશે. કેટલાક જિલ્લાઓએ આ વખતે મહિલા મુખ્યમંત્રી હોવાથી કન્યા એનરોલમેન્ટ રેશિયો એનરોલમેન્ટ રેશિયો વધે તેવા પ્રયાસો કરવાનું નક્કી કર્યું છે.

રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત સાથે પ્રવેશોત્સવ ઉજવવાનું નક્કી કર્યું છે. રાજ્યભરમાં ગ્રામ્ય કક્ષાએ તા. ૧૨ થી ૧૪ જૂને પ્રવેશોત્સવ ઉજવાશે. જ્યારે શહેરી વિસ્તારમાં તા. ૧૯ થી ૨૧ જૂન દરમિયાન પ્રવેશોત્સવ યોજાશે. પ્રેવશોત્સવમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સહિતના મંત્રીઓ જાહેર સમારંભમાં ભાગ લઈને એનરોલમેન્ટ રેશિયો વધે તેવા પ્રયાસો કરશે. દરેક જિલ્લાઓમાં આયોજન કરવામાં આવ્યું છે. શહેરી વિસ્તારમાં કોર્પોરેશન, ગ્રામ્ય વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થાય તેવા પ્રયાસો કરાશે. અમદાવાદ જિલ્લા દ્વારા ધોરણ-૮માં કન્યા રેશિયો વધે તેવા પ્રયાસો કરાશે. અમદાવાદ જિલ્લા પંચાયત સંચાલિત ૯૦૦ જેટલા સ્કુલોમાં આશરે ધોરણ-૭માં ૧૧ હજાર કન્યાઓ અભ્યાસ કરે છે. આ કન્યાઓ ધોરણ-૮માં નજીકની માધ્યમિક સ્કુલોમાં પ્રવેશ અપાવવાનો પ્રયત્ન કરાશે. આ અંગે અમદાવાદના જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી પ્રફુલ ઝલુએ જણાવ્યું હતું કે આ ઉપરાંત મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અમદાવાદ જિલ્લાના પ્રભારી હોવાથી ધોરણ-૮માં કન્યાઓનો એનરોલમેન્ટ રેશિયો વધે તેવો અમારો પ્રયત્ન છે.

# ....જેમાં માત્ર વ્હાલની ભરતી જ ભરતી હોય એવી 'દીકરી વ્હાલનો દરિયો'

'દીકરી વ્હાલનો દરિયો' પુસ્તક એટલે લાગણી અને સંવેદનાને કાગળ પર ઉતારવાની વાત... ભાવનાની ચરમસીમા અને આંખોમાંથી ભલભલાને અશ્રુધારા વહાવી દે એવા સાહિત્યના લેખકો, કવિઓ, લોકકથાકારોના જીવનમાં તેમની પુત્રી વચ્ચેનાં ભાવાત્મક સંબંધોની હૃદયસ્પર્શી રજૂઆત... અને આજ વસ્તુને વાસ્તવિકતામાં લઈ આવ્યાં જેસીઆઈ ગાંધીનગરના યુવાનો, દીકરીઓનાં ગુણગાન ગાઈ એમનાં વાલીને સન્માનવાનો શહેરનો પ્રથમ કાર્યક્રમ જેમાં ભાવાત્મક દશ્યો સર્જાયા...

બળબળતો તાપ માથે કરીને આવેલા સૌ સજ્જનોનું સ્વાગત ડૉ. અપૂર્વા રાવલે કરી દીકરી હોવાનું ગૌરવ વર્ણવ્યું. જેસીઆઈ સંસ્થા ૧૬ દેશો અને ૪૪ સભ્યો સાથે શરૂ થઈ હતી અને આજે એ ૧૨૩ દેશો અને બે લાખ જેટલાં સભ્યો ધરાવે છે જે એનાં ૧૦૦ વર્ષ પૂર્ણ કરવાં જઈ રહી છે. 'યુનાઈટ ટુ ઈમ્પેકટ' સાથે આ વર્ષે એક બાદ એક ઈનોવેટીવ કાર્યક્રમ કરતી જેસીઆઈનો 'દીકરી વ્હાલનો દરિયા' કન્સેપ્ટ અને આયોજન સાથે લાગણીનો રિશ્તો દેખાયો...

'છોડ હોય પણ ફૂલ ના હોય' તો એનું સૌદર્ય નથી જેવી વાત સાથે ઉત્સાહથી છલકાતાં અને ઈવેન્ટ મેનેજમેન્ટમાં માસ્ટર એવાં જેસીઆઈ પ્રમુખ સાત્વિક ત્રિવેદીએ જૂના દરેક પ્રેસિડેન્ટને યાદ કર્યા. 'દીકરી શું નથી? દીકરી આપણી હથેળીની સૌથી લાડલી ટચલી આંગળી છે. જિંદગીની શુષ્ક પળોમાં ભીનાશ જન્માવતી ભીની ભીની લાગણી છે. દીકરી એટલે કદી 'ડીલીટ' નહીં થતી અને સદાય 'રિફ્રેશ' રહેતી લાગણી. દીકરી તમારાં દિલનાં સ્કિન પરનું મનોહર 'સ્કિન સેવર' જેવી હૃદયને ઝણઝણાવે એવી વાતો કરી સાત્વિક ત્રિવેદીએ કીધું ટીમ જેસીઆઈ લોકોના હૃદય પર રાજ કરવાં આવી છે.

જીવનની ઝંખનાને પ્રજ્જવલિત રાખતી જ્યોત એટલે દીકરી. આ પ્રસંગને દેદીપ્યમાન બનાવવાનાં દિપ પ્રાગટ્યમાં મેયર મહેન્દ્રસિંહ રાણા, કલ્ચરલ ફૉરમનાં અધ્યક્ષ કૃષ્ણકાંત જહા, કલ્પતરૂ કંપનીના ડાયરેકટર ડી.બી. પટેલ અને જેસીઆઈ ઝોન પ્રેસિડેન્ટ અશ્વિન ચંદારાણાએ દીકરીઓની જયોત નહીં બુઝાવા દેવાના સંકલ્પ સાથે દીપ પ્રાગ્ટ કર્યું. આ ક્ષણે ટાઉન હોલમાં ઉપસ્થિત સૌ પરિવારનાં એક સભ્યોએ પણ દિવો પ્રગટાવીને જાણે સંકલ્પ કર્યો હોય કે દીકરીની દિવાની વટા અમે હંમેશા પ્રગટેલી રાખીશું, એવું લાગ્યું..

ગીત-સંગીત સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં અતિ પ્રસિદ્ધ કવિતાની પંક્તિ 'દીકરો વારસ છે, તો દીકરી પારસ છે, દીકરો વંશ છે તો દીકરી અંશ, દીકરો દવા છે તો દીકરી દુવા છે, દીકરો ગીત છે તો દીકરી સંગીત છે. દીકરો વાદળ છે અને વરસે છે, તો દીકરી ધરતી છે અને તરસે છે'ની રજૂઆત સાથે જ ગીત 'દીકરી છે દરિયો વ્હાલનો, કરજો જતન તમે લાડલીનો, ટૂકડો હૃદયનો બાપનો, નથી એ ભારો સાપનો, દીકરી તુલસીનો કયારો' એકદમ ભાવવાહી રજૂઆત રહી.



ઉઘડતે પડદે
–સંજય થોરાત
hellogandhinagar@gmail.com

ચારણી સાહિત્યકાર અને દીકરી વીશે અઢળક અસ્ખલીત કથા કરતાં સુખદેવભાઈ ગઢવીએ 'માણસ દો રંગી, ધ્વજ ત્રિરંગી, સેના ચતુરંગી સાથે દીકરી તો એકરંગી અને 'પપ્પા 'પ' પહેલા, મમ્મી કા 'મ' દુસરા બીચ મે આધી મેં જીસે લે જાયેગા કોઈ તીસરા..' દીકરો તો બાપનો શ્વાસ.. ગામડાં કેવા હોય? ની પ્રસ્તુતી... હથેળીમાં વાળ નહીં, ગધેડાને ટાલ નહીં...

ભાઈ-બાપની સંપત્તિને નજરના લાગે એટલે કન્યા લાજ કાઢે... આંસુના પડે પ્રતિબિંબ એવાં દર્પણ કયાં છે? કહ્યા વગર ખબર પડે એવાં સગપણ કયાં છે? અને સાથે જ 'કાળજા કેરો કટકો મારો હાથથી છૂટી ગયો'ની રજૂઆતથી કાર્યક્રમને સુખદેવ ગઢવીએ સેન્ટી ટચ આપ્યો.

નરેશ પંચાલ એન્ડ પરિવારે હાલરડું 'દીકરી મારી લાડકવાયી લક્ષ્મીનો અવતાર, અ જાગે ત્યારે પડે સવારને સુવે ત્યારે રાત અને અન્ય એક કૃતિ 'આજે ગાઉં દીકરીનાં ગાન, દીકરીને મળજો રૂડાં સન્માન' પ્રસંગને અનુરૂપ બની રહી... પ્રસંગને દિપાવવા આવેલાં મેયર વડાપ્રધાન નરેન્દ્ર મોદી-મુખ્યમંત્રી આનંદીબહેન પટેલને શુભેચ્છાઓ આપી એમનું 'બેટી બચાવો, બેટી વધાવો' અભિયાનની માહિતી આપી. મેયરનાં હસ્તે દીકરી ધરાવતાં ચાર-પાંચ પરિવારોનું સન્માન કરાયું...'

દીકરી વ્હાલનો એક એવો દરિયો છે જેમાં વ્હાલની માત્ર ભરતી જ આવે છે, ઓટ કયારેય ના આવે એવી વાત આર્કીટેકનો અભ્યાસ કરતી અને એમનાં મા-બાપની સંતાનમાં એકમાત્ર દીકરી એવી કૃપાંશી જહાએ કરી..'દીકરી જન્મતા જ એની એક સફર શરૂ થઈ જાય છે અને એ એટલે ઘરથી દૂર થવાની સફર. મા-બાપના ઘરથી પતિના ઘર સુધીની મંઝિલ. એ લકીર બહુ ઝાંખી હોય છે પણ ક્રમશઃ સ્પષ્ટ બનતી ચાલે છે. દીકરીની ઉંમર વધતી ચાલે છે. પ્લે-ગૃપ - પ્રાથમિક-માધ્યમિક- કોલેજ અને કદાચ નોકરીની શરૂઆત... દીકરીને પોતાની હથેળીમાંથી બીજાની હથેળીમાં સોંપવાનો સમય આવી જાય છે. અને આ હવે કેટલાં દિવસ આપણી?' સાથે મા-બાપનું વર્તન વધુ માયાળું બની જાય છે. આ શબ્દો હતાં કલ્પતરૂ કંપનીના ડાયરેકટર અને બે દીકરીઓ વાણી અને પૂજાના પિતા ડી.બી. પટેલનાં, સીધાં હૃદયમાં ઉતરે એવાં!

'જીવનની ઝંખનાને પ્રજ્જવલિત રાખતી જયોત એટલે દીકરી દીકરી શું નથી? દીકરી છે એક શમણું- પોતાનું તોય પરાયું, આ વાતને હૃદય સરસી ચાંપીને પ્રોજેકટ ચેરમેન રૂચિતા શાહ અને પ્રોજેકટ કો-ઓર્ડિનેટર નિકુંજ શુકલાએ આ સંપૂર્ણ પ્રોજેક્ટને માત્ર એક ચિલાચાલુ કાર્યક્રમ ના બની રહેતાં, દીકરી અને એના સંબંધો ઉજાગર થાય અને એમનું હૃદયની ભીનાશથી સન્માન થાય એ માટે ખરેખર કરેલી મહેનત ઉડીને આંખે વળગે એવી હતી...

દીકરીનો સ્પર્શ, સંવેદના અને એના અહેસાસને જીવંત બનાવવાં યુવા જેસીઆઈ ટીમનાં પદમસિંહ ચૌહાણ, અંકીત જૈન, પ્રશાંત ગુપ્તા, જીગર રાણા, અભય શાહ, ડૉ. પરાગી ગાંધી, ડૉ. અપૂર્વા રાવલ, મહેશ પટેલ, ગૌરવ જોગી, પ્રહર અંજારીયા, મિલન, સંજય નાયી, ચિરાગ બગથરીયા, કિર્તી ઠાકોર, દ્રોણ પંડ્યા, વિનેશ ચૌહાણ, સુજલ શાહ બધે બધાં સમજો ને એમનાં ઘરે જ દીકરી અવતરી હોય અને એને વ્હાલ કરતાં હોય એટલી સહજતાથી કાર્યક્રમ માટે મહેનત કરતાં હતાં...

કલ્પતરૂ કંપનીના ડાયરેકટર કમલ જૈને પણ જેસીઆઈની યુવા ટીમ જયારે 'દીકરી વ્હાલનો દરિયો' વહાવે છે ત્યારે આવનારાં દિવસોનાં દીકરી જન્મનો રેશિયો વધશે અને દીકરીઓ માટે 'અચ્છે દિન આને વાલે હૈ..'નો વિશ્વાસ જતાવ્યો... આ વિષયના વિચારને જ વંદન કરવા જેવાં છે. ઘરમાં ખિલખિલાટ કરતી દીકરી અને કાયમ પોતાને 'કન્યાદાન'નાં મળેલાં લાભથી નસીબદાર માનતાં કે.ડી. ભાવસાર કે જેઓ જેસીઆઈ મંત્રી છે, એ કાર્યક્રમનામની દીકરીનાં પિતા જેવાં જ લાગતાં હતાં...

દીકરીની વિદાય એ દરેક પિતાને વલોવી નાંખે છે. દિવસ ઉગે છે પણ ઘર સુમસામ છે, ટીવીના રીમોટ પર સ્પર્શ નથી, રૂમ-રસોડું ઉદાસ છે. હિંચકો હિબકા ભરે છે. મસ્તી નથી, ચંચળતા નથી, બાર્બી ડૉલ અને એનાં કાંસકા ઈન્તેજારમાં છે. મનગમતાં ગીતોની સીડી અને રેડિયો મિર્ચી ખામોશ છે અને ઘર બહાર જતાં 'આવું છું નો ટહૂકો શાંત થઈ ગયો છે, આવી અવસ્થા છે, દરેક દીકરીનાં મા-બાપની.. 'મેરે ઘર આઈ એક નન્હી પરી' થી નાચી ઉઠેલાં મા-બાપ અને દીકરીઓને ભેગાં કરી એમને સન્માનવાનાં કાર્યક્રમ માટે સાત્વિક ત્રિવેદી એન્ડ ટીમને દરિયા જેટલી શુભેચ્છાઓ... દીકરીઓ માટે દરેકના મનમાંથી એક દુવા નીકળે કે 'દીકરી દેવો ભવઃ ।।'

**'દીકરી દેવો ભવઃ' જેસીઆઈ ગાંધીનગરની યુવા ટીમે 'લાગણી અને સંવાદનાની ભરતી' આવે અને આંખોના ખૂણા ભીંજાઈ જાય એવા લાગણી નિતરતા કાર્યક્રમમાં સંતાનમાં માત્ર એક કે બે દીકરી ધરાવતાં માતા-પિતાનું સન્માન કરી દીકરીઓ માટે 'અચ્છે દિન આનેવાલે હૈ..'નો વિશ્વાસ જગાવ્યો**